ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૩૧૦ । વિક્રમ સંવત ૨૦૮૧ : જેઠ વદ ૦૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 310 • Dt.14-06-2025 Saturday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125



P.07

શનાયા કપૂરનું નવું ગીત રિલીઝ, મિત્રો સુહાના અને અનન્યાએ પ્રશંસા કરી



P.07

આલિયા ભટ્ટે કાયદા-કીય દસ્તાવેજોમાં પોતાની અટક બદલીને કપૂર કરી

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે પ્રશાસને ચાર દેશોના પાંચ લાખ ઇમિગ્રન્ટ્સને અમેરિકા છોડવાનો આદેશ આપ્યો 07



14 JUNE- 2025 SATURDAY



07 ઇઝરાયલ દ્વારા પરમાણુ સ્થળોને નિશાન બનાવીને ઇરાન પર હુમલો કરવામાં આવ્યો

**વનબંધુ-૨ યોજના અંતર્ગત મહત્વપૂર્ણ વિકાસ કાર્ય શરૂ**

## દમણગંગા, પાર અને કોલક નદી પર ચેકડેમ બનશે, ૩-૪ કિમી સુધી પાણી સંગ્રહ થશે

# કપરાડામાં ૨૦૦ કરોડના ચેકડેમ નિર્માણથી ખેડૂતોને રાહત

**નવા ચેકડેમના નિર્માણમાં સ્થાનિક લોકોની જમીન સંપાદન કરવામાં આવી નથી । વન વિભાગની જમીનનો યોગ્ય ઉપયોગ કરીને આ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવશે**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૪ ।

"વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં વનબંધુ-૨ યોજના અંતર્ગત મહત્વપૂર્ણ વિકાસ કાર્ય શરૂ થયું છે. રાજ્ય સરકારે ૨૦૦ કરોડથી વધુના ખર્ચે નાના-મોટા ચેકડેમ બનાવવાનું કાર્ય હાથ ધર્યું છે. આ પ્રોજેક્ટમાં ૮૦ કરોડના મોટા ચેકડેમનો પણ સમાવેશ થાય છે.""મીની ચેરાપુંજી તરીકે ઓળખાતા કપરાડા તાલુકામાં દર વર્ષે ૧૦૦થી ૧૫૦ ઈંચ વરસાદ પડે છે. અગાઉ ચેકડેમની અછત અને પથરાળ જમીનને કારણે વરસાદનું પાણી દરિયામાં વહી જતું હતું. આથી ઉનાળામાં સ્થાનિકોને પીવાના પાણી અને સિંચાઈ માટે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો.""નવા ચેકડેમના નિર્માણમાં સ્થાનિક લોકોની જમીન સંપાદન કરવામાં આવી નથી. વન વિભાગની જમીનનો યોગ્ય ઉપયોગ કરીને આ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવશે. દમણગંગા, પાર અને કોલક નદીઓના કિનારે બનનારા ચેકડેમથી ૩થી ૪ કિલોમીટર સુધી પાણી સંગ્રહ થઈ શકશે." જીતુ ચૌધરીની રાજ્ય સરકાર સમક્ષની રજૂઆતના પરિણામે આ પ્રોજેક્ટને મંજૂરી મળી છે. આ પ્રોજેક્ટથી સ્થાનિક ખેડૂતોને વર્ષભર સિંચાઈનું પાણી મળી રહેશે. હાલમાં કપરાડા એપીએમસી ૧૨ માસ ખેતી ઉત્પાદનોથી ધમધમે છે. આ વિકાસ કાર્યથી કપરાડા તાલુકો ગુજરાતનો સૌથી મોટો ખેતી વિસ્તાર બનવાની આશા જાગી છે."



દમણગંગા, પાર અને કોલક નદીઓના કિનારે બનનારા ચેકડેમથી ૩થી ૪ કિલોમીટર સુધી પાણી સંગ્રહ થઈ શકશે." જીતુ ચૌધરીની રાજ્ય સરકાર સમક્ષની રજૂઆતના પરિણામે આ પ્રોજેક્ટને મંજૂરી મળી છે. આ પ્રોજેક્ટથી સ્થાનિક ખેડૂતોને વર્ષભર સિંચાઈનું પાણી મળી રહેશે. હાલમાં કપ રાડા એપીએમસી ૧૨ માસ ખેતી ઉત્પાદનોથી ધમધમે છે.

**કાર્યવાહી દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો**

# ગાંધીધામ-આદિપુર રોડ પર દબાણ ઝુંબેશ : ૫૦થી વધુ હંગામી દબાણો દૂર કરાયા

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૪ ।

"ગાંધીધામ અને આદિપુરને જોડતા ટાગોર રોડ પર વહીવટી તંત્ર દ્વારા દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સવારથી બપોર સુધીમાં ૫૦થી ૬૦ જેટલા હંગામી દબાણો દૂર કરવામાં આવ્યા છે. આ કાર્યવાહી દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.""ટાગોર રોડની બંને બાજુએ છેલ્લા ઘણા સમયથી થયેલા દબાણોને કારણે વાહનચાલકો અને રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. માર્ગ અને મકાન વિભાગે આ સમસ્યાના નિરાકરણ માટે પહેલ કરી છે. વિભાગ દ્વારા ૨૫૦થી વધુ દબાણકર્તાઓને અગાઉથી નોટિસ આપવામાં આવી હતી. નોટિસનો સમયગાળો પૂરો થયા બાદ જેસીબી સહિતના સાધનો સાથે દબાણ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે"પ્રથમ દિવસે ચાર બિનવારસી કેબિનો દૂર કરવામાં આવી હતી. માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર પ્રવીણભાઈએ જણાવ્યું કે, દબાણકર્તાઓને સામાન ખસેડવા માટે પૂરતો સમય આપવામાં આવ્યો હતો. ટાગોર રોડ સંપૂર્ણપણે દબાણમુક્ત ન થાય ત્યાં સુધી આ ઝુંબેશ ચાલુ રહેશે.








### ૫ મૃતદેહની ઓળખ, ૨૫૦થી વધુ પોસ્ટમોર્ટમ પૂર્ણ

# અમદાવાદ પ્લેન ક્રેશ : ૧૯૨ પરિવારના ડીએનએ સેમ્પલ લેવાયા

## રાજ્ય સરકારે અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના સંદર્ભમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં કંટ્રોલ રૂમ કાર્યરત કર્યો

। પ્રતિનિધિ, સોમનાથ, તા.૧૧ ।

એર ઈન્ડિયાના અમદાવાદથી લંડન જતાં વિમાનની સર્જાયેલી કમનસીબ દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓનો મૃતદેહ સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા પોસ્ટ મોર્ટમ રૂમમાં લાવવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં ઓળખ થઈ ગયેલા પાંચ મૃતદેહને તેમના પરિવારજનોને સન્માનભેર સોંપવામાં આવ્યા છે. સિવિલ હોસ્પિટલ ખાતે અત્યાર સુધીમાં ૧૯૨ લોકોના પરિવારના સેમ્પલ લેવામાં આવ્યા છે. પોલીસ તંત્ર દ્વારા પણ સ્વજન ગુમાવનાર પરિવારજનોને સાંત્વના આપી તેમની સંભાળ રાખવામાં આવી રહી છે.અમદાવાદ સિવિલ હોસ્પિટલના પોસ્ટ મોર્ટમ રૂમ ખાતે અમદાવાદ, ગાંધીનગર, આણંદ, નડિયાદના પીએસસી અને સીએસસીના ડોક્ટર્સ, અમદાવાદ સિવિલ હોસ્પિટલના ડોક્ટર્સની તેમજ તેમની ટીમ સહિત ૭૦ થી ૮૦ ડોક્ટર્સ ગુરૂવારથી કાર્ય કરી રહ્યા છે. આ પોસ્ટ મોર્ટમ રૂમમાં મૃતદેહની ઓળખ થયા બાદ આ મૃતદેહને પરિવારજનો તેમજ તેમના સગાઓને સન્માનભેર સોપવવામાં આવી રહ્યા છે.અત્યાર સુધીમાં ઓળખ થઈ ગયેલા એવા પાંચ મૃતદેહને તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. આ મૃતદેહમાં ૨ રાજસ્થાન, ૨ ભાવનગર અને ૧ મધ્યપ્રદેશના મૃતકનો સમાવેશ થાય છે. આમ, પોસ્ટ મોર્ટમ રૂમમાંથી જેમ જેમ પરિવારો મૃતદેહની ઓળખ કરી રહ્યા છે તેમ તેમ આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે.આરોગ્ય અગ્ર સચિવ ધનંજય દ્વિવેદીએ જણાવ્યા અનુસાર આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ માટે તેમના સગાના ડીએનએ સેમ્પલ લેવા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વ્યવસ્થા કરાઈ છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બી.જે. મેડિકલ કોલેજના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા કસોટી ભવનમાં મૃતકોના નજીકના સગા–સંબંધીઓ માટે ડીએનએ સેમ્પલ આપવાની વ્યવસ્થા કરાઈ છે. આ પ્રક્રિયામાં ખાસ કરીને માતા પિતા કે સંતાનોના ડીએનએ સેમ્પલ લેવાતા હોય છે. જો કે, ડીએનએ મેચ થયા બાદ પરિવારજનોને મૃતદેહ સોંપાશે અને આ રિપોર્ટ આવતા ત્રણ દિવસનો સમય લાગશે. રાજ્ય સરકારે અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના સંદર્ભમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં કંટ્રોલ રૂમ કાર્યરત કર્યો છે. આ કંટ્રોલ રૂમના ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૯૦૦ અને મોબાઈલ નં. ૯૯૭૮૪૦૫૩૦૪ ઉપર સંબંધિતો સંપર્ક કરી શકશે.




### સુરેન્દ્રનગરમાં ભૂંડ પકડવા બાબતે બે જૂથો વચ્ચે મારામારીમાં ત્રણ વ્યક્તિ ઈજાગ્રસ્ત

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૧૩ ।

વઢવાણના બી-ડિવીઝન પોલીસ મથકની હદમાં જાહેરમાં ભુંડ પકડવા જેવી નજીવી બાબતે એક જ જ્ઞાતિના બે જુથો વચ્ચે હથિયારો વડે મારામારીનો બનાવ બન્યો હતો. જેમાં બંને જુથો દ્વારા સામ સામે ૬ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવી છે. વઢવાણ ઠાકરનગર વિસ્તારમાં રહેતા ફરિયાદી કરનેલસીંગ રાજુસીંગ ટાંક અને તેમના મોટાભાઈ માનસીંગ તથા તીરથસીંગ ત્રણેય પીકઅપ લઈ ભક્તિનંદન સર્કલથી ઘર તરફ જઈ રહ્યાં હતાં તે દરમિયાન શારદા મંદિર સ્કુલ પાસે અમુક શખ્સો ભુંડ પકડવાની ના પાડી હતી જે બાબતે ત્રણેય શખ્સોએ એકસંપ થઈ ફરિયાદીને લાકડાના ધોકા, લોખંડનો પાઈપ અને તલવારના ઘા ઝીંકી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

### જામનગરના દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતા યુવાન પર જુની અદાવતના કારણે હુમલો

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૩ ।

જામનગર દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતા અજય ભરતભાઈ કનખરા ઉર્ફ઼ે લાલો નામના ૨૮ વર્ષના યુવાન પર ગઈકાલે રાત્રિના જૂની અદાવતનું મન દુઃખ રાખીને ત્રણથી ચાર શખ્સોએ છરી અને લોખંડના પાઈપ વડે હુમલો કરી લોહી લુહાણ કર્યો હતો. જેથી ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો હતો, અને જ્યાં તેની ઘનિષ્ઠ સારવાર કરવી પડી હતી, અને માથામાં ટાંકા લેવા પડ્યા હતા. આ બનાવની જાણ થતાં જામનગર મહાનગરપાલિકાના કોપૉરેટર મનીષભાઈ કનખરા તેમજ અન્ય અગ્રણીઓ જી.જી.હોસ્પિટલમાં દોડી ગયા હતા. આ બનાવ બાદ સીટી બી.ડિવિઝનની પોલીસ ટુકડી પણ જી.જી હોસ્પિટલમાં દોડી ગઈ હતી, અને આ બનાવ અંગે ગુનો નોંધવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો હતો.

### અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં વડોદરાના હતભાગી ૨૭ યાત્રિકોના પરિવારજનોના ડીએનએ સેમ્પલ લેવાયા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદમાં ઘટેલી એર ઈન્ડિયાના વિમાન તૂટી પડવાની દુર્ઘટનામાં વડોદરા શહેર અને જિલ્લાના હતભાગી ૨૭ પ્રવાસીઓની ઓળખ કરવા માટે તેમના પરિવારજનોના ડીએનએ સેમ્પલ મેળવવાની પ્રક્રીયા પૂર્ણ થઈ છે. કલેક્ટર ડો. અનિલ ધામેલિયાએ જણાવ્યું કે, વડોદરા શહેર અને જિલ્લામાં વસતા ૨૭ પ્રવાસીઓ દુર્ઘટનાગ્રસ્ત એરોપ્લેનમાં મુસાફરી કરતા હતા. આ પ્રવાસીઓની ઓળખ મેળવવા સારૂ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.તેમણે ઉમેર્યુ કે, ૨૭ પ્રવાસીઓના ૨૦ પરિવારો દીઠ એક પુરુષ અને એક મહિલા અધિકારીને તેમનો સંપર્ક કરવા માટેની ફરજ સોંપવામાં આવી હતી. આ અધિકારીઓ દ્વારા હતભાગી પરિવારોનો સંપર્ક તેમની વિગતો જાણવામાં આવી હતી.

આ તમામ પ્રવાસીઓના પરિવારજનોના અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ડીએનએ સેમ્પલ સેવાની પ્રક્રીયા પૂર્ણ થઈ ગઈ છે. એના આધારે મૃતદેહ સોંપવાની કામગીરી કરવામાં આવશે. ડો.ધામેલિયાએ એમ પણ જણાવ્યું કે, જિલ્લા આરોગ્ય તંત્રના ત્રણ મેડિકલ ઓફિસરને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે મદદ માટે મોકલવામાં આવ્યા છે. આ ઉપરાંત એક ચિટનિસને પણ રાજ્ય સરકાર દ્વારા ફરજ સોંપવામાં આવી છે.

### સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા સત્ર શરૂ

# સુરતમાં શિક્ષણ સમિતિના શિક્ષકોને શિક્ષણ સિવાયની અન્ય કામગીરીનું ભારણ : પુસ્તકો લાવવા-વિતરણ કરવાની જવાબદારી

। પ્રતિનિધિ, સુરત,તા.૧૩ ।

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા સત્ર શરૂ થયું અને વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાના બદલે શિક્ષકોને ફરીથી ઈતર પ્રવૃત્તિ સાથે જોડી દેવામાં આવ્યા છે. શાળામાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાના બદલે પુસ્તકો લેવા જવું, પુસ્તકો સાથે સાથે બુટ મોજા અને ગણવેશ વિતરણ કરવા જેવી અનેક પ્રવૃત્તિનો ભાર આપી દેવામાં આવ્યો છે. જેના કારણે સત્ર શરૂ થયાના ચારેક દિવસ થયા છતાં વિદ્યાર્થીઓને શિક્ષકો અભ્યાસ કરાવી શકતા નથી. શિક્ષકોને પટાવાળા અને પટાવાળા કેટેગરીની કામગીરી કરવાની હોવાથી શિક્ષકોમાં નારાજગી જોવા મળી રહી છે. સુરત શિક્ષણ સમિતિની શાળામાં વેકેશન પડે તે પહેલાં કેટલીક જર્જરિત શાળાના શિફ્રિંટગની કામગીરી હતી. આ કામગીરી માટે પાલિકાએ બેલદારની ફાળવણી કરી ન હોવાથી આ કામગીરી પણ શિક્ષકોને માથે જ આવી ગઈ હતી. સુરતની ૨૦ જેટલી શાળા ભવનની સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી નબળી હોવાથી શાળાને અન્ય શાળામાં મર્જ કરી દેવાની સૂચના આપવામાં આવી હતી. જોકે, શાળા સ્વિફ્ટીંગની કામગીરી માટે વાહન અને બેલદાર પાલિકાએ ફાળવાવના હોય છે પરંતુ તે શક્ય ન હોવાથી શિક્ષકોએ જ ખાનગી મજુર બોલાવી શાળા શિફ્રિંટગ કામગીરી કરી હતી. જોકે, સત્ર શરૂ થયા પછી પણ શિક્ષકોની બિન શૈક્ષણિક કામગીરી પૂરી થઈ નથી પરંતુ વધુ કામગીરીનું ભારણ આવી ગયું છે. શાળા સત્ર શરૂ થઈ ગયું છે પરંતુ પુસ્તકો મળ્યા ન હોવાથી હવે શિક્ષકોએ શાળામાંથી જ્યાં પુસ્તક વિતરણ માટેનું કેન્દ્ર હોય ત્યાં જવાનું હોય છે અને ત્યાંથી પુસ્તક શાળામાં લાવાવના રહે છે. આ પુસ્તકો આવ્યા બાદ વર્ગીકરણ કરીને તેનું વિતરણ પણ શિક્ષકોએ જ કરવાનું હોય છે. આમ શિક્ષકોને વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાના બદલે પટાવાળા અને ક્લાર્ક જેવી કામગીરી સોંપવામાં આવી છે અને શિક્ષકો કરી રહ્યાં છે. જેના કારણે સોમવારથી શાળા સત્ર શરૂ થયું છે ચારેક દિવસ થયા છતાં હજી શિક્ષકો તેમની ઓરીજનલ કામગીરી એટલે કે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની કામગીરી શરૂ કરી શક્યા નથી.




### વડોદરામાં અલગ રહેતી પત્નીના ઘરમાં ઘૂસીને પતિએ વિડીયો ઉતારી મારઝૂડ કરી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૩ ।

દિલ્હીના મહિલા એડવોકેટ પ્રીતિબેને માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે મારો પરિચય મેટ્રોનિયલ સાઈટ થકી આશિષ જેઠાભાઈ સુથાર રહે જય શ્રી મહાકાળી સોસાયટી પાસે માંજલપુર સાથે થયો હતો. અમે માર્ચ ૨૦૧૭માં દિલ્હી મુકામે લગ્ન કર્યા હતા. પરંતુ, વર્ષ ૨૦૨૦ થી મારા પતિ સાથે અણબનાવ થતા મેં દિલ્હીમાં સ્ત્રી અત્યાચારની ફરિયાદ નોંધાવી હતી. હાલમાં હું વડોદરા ખાતે એકલી રહીને લો ની ઈન્ટર્નશિપ કરતી હતી અને મારા પારિવારિક મિત્ર વિક્રમ કામા ત્યાગીનું માંજલપુર હાઉસિંગ બોર્ડ ખાતેનું મકાન ભાડે લીધું હતું. મારા પિતાના કહેવાથી ગત ૨૯ મી એપ્રિલે મકાન માલિક વિક્રમ ત્યાગી મારી ખબર જોવા માટે ઘરે આયા હતા.રાત્રે ૧૦:૩૦ વાગે મકાનનો ડોરબેલ વાગતા અમે પૂછ્યું તો બહાર તેઓ જવાબ આપ્યો કે તમે ડીલેવરી મંગાવી છે તે લઈને આવ્યા છીએ, પરંતુ મેં ના પાડી દીધી હતી. ત્રણ ચાર મિનિટ પછી કોઈએ અમારા મકાનનો દરવાજો જોરથી ખખડાવતા અને પોલીસ છે દરવાજો ખોલો તેવું કહેતા વિક્રમ કામા ત્યાગીએ દરવાજો ખોલ્યો હતો. પરંતુ બહાર કોઈ પોલીસવાળાના હતા પરંતુ મારા પતિ તથા નણંદ નંદોઈ અને મારા પતિના મિત્ર ગિરીશભાઈ હતા.

### ઝાલાવાડમાં ૫ વર્ષમાં ૬ બાળમજૂરને મુક્ત, ૧ લાખનો દંડ વસૂલાયો

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૧૩ ।

સુરેન્દ્રનગર જીલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૦૬ બાળકોને બાળમજૂરીમાંથી મુક્ત કરાવવામાં આવ્યા છે. જાન્યુઆરી ૨૦૨૦ થી એપ્રિલ ૨૦૨૫ સુધીમાં જિલામાં ૧૦૯ જેટલી રેડ કરીને ૦૬ બાળ શ્રમિકો અને ૩૭ તરુણ શ્રમિકો એમ કુલ ૪૩ બાળ-તરૃણ શ્રમિકોને મુક્ત કરાવ્યા છે. જે અંતર્ગત મજૂરીએ રાખનાર આવા એકમો પાસેથી કુલ રૂ. ૧ લાખ કરતાં વધુનો દંડ પણ વસૂલવામાં આવ્યો છે. જિલ્લમાં કાયદા હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં દોષિતો સામે કુલ ૧૭ ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યા છે અને કુલ ૧૨ એફ.આઈ.આર. નોંધવામાં આવી છે. તેમજ શ્રમ આયુક્ત કચેરી દ્વારા કોઈ બાળક મજુરી કરતું દેખાય અથવા જણાઈ આવે તો ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર અથવા નજીકના પોલીસ સ્ટેશન કે શ્રમ વિભાગની કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે તેમજ માહિતી આપનારની ઓળખ પણ ગુપ્ત રાખવામાં આવશે. સુરેન્દ્રનગર જીલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૦૬ બાળકોને બાળમજૂરીમાંથી મુક્ત કરાવવામાં આવ્યા છે. જાન્યુઆરી ૨૦૨૦ થી એપ્રિલ ૨૦૨૫ સુધીમાં જિલામાં ૧૦૯ જેટલી રેડ કરીને ૦૬ બાળ શ્રમિકો અને ૩૭ તરુણ શ્રમિકો એમ કુલ ૪૩ બાળ-તરૃણ શ્રમિકોને મુક્ત કરાવ્યા છે.



ચરોતરના આણંદ-ખેડા જિલ્લામાં ભારે શોકનો માહોલ

# અમદાવાદ પ્લેન ક્રેશ : દુર્ઘટનામાં ચરોતરના ૫૦ લોકોના મોત, અનેક પરિવારના દીપ ઓલવાયા

**વિમાન ૧૦૦૦ ફૂટની ઊંચાઈ પર હતું, ત્યારે તે વીજળી ટ્રાન્સમિશન ટાવર સાથે અથડાયું અને એરપોર્ટથી લગભગ ૩ કિલોમીટર દૂર ક્રેશ થયું**

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૩ ।

અમદાવાદમાં ગુરુવારે બપોરે સર્જાયેલી ગોઝારી વિમાન દુર્ઘટનાએ સમગ્ર ગુજરાતને શોકમાં ગરકાવ કરી દીધું છે. અમદાવાદ એરપોર્ટ પરથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ ટેકઓફ થયા બાદ ગણતરીની મિનિટોમાં જ ક્રેશ થઈ ગઈ હતી. આ વિમાનમાં ૨૪૨ મુસાફરો સવાર હતા, જેમાં સમગ્ર ગુજરાતના અનેક જિલ્લાઓમાંથી આવેલા લોકોનો સમાવેશ થતો હતો. ખાસ કરીને, ચરોતર પ્રદેશના આણંદ અને ખેડા જિલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો આ દુર્ઘટનાનો ભોગ બન્યા હોવાનું સામે આવ્યું છે. જેમાં સોજીત્રા, તારાપુર અને બોરસદના મૃતકોના કિસ્સા લોકોની આંખોમાં પાણી લાવી દે તેવા છે.




મોડી સાંજ સુધી મળતી માહિતી મુજબ, ચરોતર પ્રદેશના આણંદ જિલ્લાના ૩૩ અને ખેડા જિલ્લાના અંદાજે ૧૭ જેટલી વ્યક્તિ આ ફ્લાઈટમાં મુસાફરી કરી રહ્યા હતા અને તેમના કરુણ મૃત્યુ થયા હોવાના અહેવાલો છે. તમામ મૃતકોના પરિવારજનો અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા, જ્યાં સરકાર દ્વારા ડ્ઢદ્ગછ ટેસ્ટ સહિતની કાર્યવાહી શરૂ કરીને પોતાના સ્વજનોને શોધવાનો અને ઓળખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.આણંદ જિલ્લા ભાજપે ૩૩ લોકોની યાદી જાહેર કરી છે જે આ પ્લેનમાં સવાર હતા. જોકે, ખેડા જિલ્લા પ્રશાસન મોડી સાંજ સુધી ઘટનામાં જિલ્લાના કેટલા લોકો શામેલ હતા તે અંગે પુષ્ટિ કરી શક્યું નથી. કઠલાલ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને સમાજવાદી પાર્ટીમાંથી ભાજપમાં જોડાયેલા પ્રશાંત પટેલ પણ આ પ્લેનમાં હોવાની માહિતી મળી છે. આ તરફ નડિયાદ, ઠાસરા, મહેમદાવાદ, કઠલાલ સહિતના તાલુકાના વ્યક્તિઓ લંડન જવા નીકળ્યા હતા.આણંદ જિલ્લાના બોરસદ, ફાંગણી, ચિખોદરા, કરમસદ, સોજીત્રા, રામનગર, ખંભોળજ, ઉમરેઠ, કસુંબાડ, ગાના, તારાપુર અને આણંદ શહેર સહિતના વિસ્તારોના કુલ ૩૩ યાત્રિકો વિમાનમાં મુસાફરી કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે, જેમાં એક ડોક્ટર અને ૧૫ મહિલાઓનો સમાવેશ થાય છે.આ દુર્ઘટનામાં અનેક હૃદયદ્રાવક કહાનીઓ સામે આવી છે. પેટલાદ તાલુકાના ફોગણી ગામનો નિખિલ પટેલ નામનો યુવક પણ પ્રથમ વખત સ્ટુડન્ટ વિઝા લઈને યુકે ભણવા માટે જઈ રહ્યો હતો, તેનું પણ આ પ્લેન દુર્ઘટનામાં નિધન થવા પામ્યું હતું. આણંદના હાલાણી પરિવારના ત્રણ સભ્યોનું પણ નિધન થયું હતું. હાલાણી પરિવારને યુકેમાં તેમના પરિવારજનોને મળવા જવા માટે વિઝીટર વિઝા મળ્યા હતા.

---

પ્રોફેસરની સાત, એસોસિએટ પ્રોફેસરની ૧૧, આસિસ્ટન્ટ પ્રોફેસરની ૨૭ અને લેકચરરની પાંચ જગ્યાનો સમાવેશ

## કેન્દ્ર સરકારનો આદેશ । વડોદરા એમસીયુમાં ૫૦ પોસ્ટ પર દિવ્યાંગ અધ્યાપકોની ભરતી કરાશે

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૩ ।

એમ.એસ.યુનિવર્સિટી સત્તાધીશોએ દિવ્યાંગોની ભરતી માટેની કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગતો પ્રમાણે શૈક્ષણિક કેટેગરીમાં ૫૦ જગ્યાઓ પર દિવ્યાંગ ઉમેદવારોની કાયમી ધોરણે ભરતી માટે તાજેતરમાં જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું હતું. યુનિવર્સિટીમાં છેલ્લા કેટલાક વર્ષોથી અધ્યાપકોની કાયમી ભરતી બંધ છે ત્યારે દિવ્યાંગ કેટેગરીમાં સાયન્સ, ટેકનોલોજી, કોમર્સ, આર્ટસ, એજ્યુકેશન, હોમસાયન્સ ફેકલ્ટીમાં ૫૦ જગ્યાઓ પર કાયમી ધોરણે ભરતી હાથ ધરવામાં આવી છે. જેમાં પ્રોફેસરની સાત, એસોસિએટ પ્રોફેસરની ૧૧, આસિસ્ટન્ટ પ્રોફેસરની ૨૭ અને લેકચરરની પાંચ જગ્યાનો સમાવેશ થાય છે. સૂત્રોનું કહેવું છે કે, કેન્દ્ર સરકારના આદેશના પગલે દિવ્યાંગોની ભરતી માટે એમ.એસ.યુનિવર્સિટી અને રાજ્યની બીજી યુનિવર્સિટીઓમાં પણ ભરતી માટે પ્રક્રિયા શરુ કરાઈ છે. યુનિવર્સિટીએ અરજીઓ પણ મંગાવી છે અને ૧૮૦ જેટલા ઉમેદવારોએ અરજી પણ કરી છે. આગામી દિવસોમાં તેમના ઈન્ટરવ્યૂ હાથ ધરાશે.તેની સાથે સાથે બિન શૈક્ષણિક કર્મચારીઓની પણ ભરતી કરવામાં આવનાર છે. આ માટે પણ અરજીઓ મંગાવવામાં આવી છે. જોકે કર્મચારીઓની કેટલી પોસ્ટ પર ભરતી થશે તેની જાણકારી હજી સામે આવી નથી.એમ.એસ.યુનિવર્સિટી સત્તાધીશોએ દિવ્યાંગોની ભરતી માટેની કાર્યવાહી હાથ ધરી છે.

---

## મેટ્રીમોનિયલ સાઈટ પરથી લગ્નને બહાને ઈન્દોરની હોટલમાં બળાત્કાર ગુજારનાર વડોદરાનો યુવક પકડાયો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૩ ।

મેટ્રીમોનિયલ સાઈટ પરથી સંપર્ક કર્યા બાદ વડોદરાના યુવકે ઈન્દોરની યુવતી પર બળાત્કાર ગુજારતા પોલીસે યુવકને ઝડપી પાડ્યો છે.ઈન્દોરના લસુન્દ્રા વિસ્તારની યુવતી અને વડોદરાના યુવક વચ્ચે શાદી ડોટ કોમ પર પરિચય થયો હતો. બંનેની પ્રોફાઈલ મેચ થતાં બે મહિના સુધી મોબાઈલ પર સંપર્કમાં રહ્યા હતા અને ત્યારબાદ ઈન્દોરમાં મુલાકાત ગોઠવી હતી. વડોદરાનો યુવક બે દિવસ ઈન્દોરની હોટલમાં રોકાયો હતો. જે દરમિયાન બંને વચ્ચે ઝઘડો થતાં યુવકે યુવતીના મોબાઈલ નંબરને બ્લોક કરી દીધો હતો. જેથી તેણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ઈન્દોર પોલીસે વડોદરા પોલીસને જાણ કરતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે ભરત પ્રકાશ ચંદ્ર જેનાની સમૃદ્ધિ સાફલ્ય ફ્લેટ યમુના મીલ સોમા તળાવ પાસે ડભોઈ રોડને ઝડપી પાડી ઈન્દોર પોલીસને તજવીજ કરી હતી. મેટ્રીમોનિયલ સાઈટ પરથી સંપર્ક કર્યા બાદ વડોદરાના યુવકે ઈન્દોરની યુવતી પર બળાત્કાર ગુજારતા પોલીસે યુવકને ઝડપી પાડ્યો છે.ઈન્દોરના લસુન્દ્રા વિસ્તારની યુવતી અને વડોદરાના યુવક વચ્ચે શાદી ડોટ કોમ પર પરિચય થયો હતો.

---

## વડોદરાના ગોરવામાં રખડતા પશુઓ છોડી મૂકી અન્ય લોકો સામે જોખમ ઊભું કરનાર પશુપાલક સામે ગુનો નોંધાયો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૩ ।

વડોદરા ગોરવા વિસ્તારમાં પશુપાલક દ્વારા પોતાને પશુને જાહેર રોડ પર રખડતા છોડી મૂકવામાં આવ્યા હતા. જેમાંથી એક ગાયને પાલિકાની ઢોર પાર્ટી પકડી હતી. જેથી સુપરવાઈઝર આ ગાયના પશુપાલકે ગાય રખડતી છોડી મૂકી હોય તેના વિરુદ્ધ ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.વડોદરા મહાનગરપાલિકાની દબાણ અને સિક્યુરિટી વિભાગમાં કેટલ પોન્ડ સુપરવાઈઝર તરીકેસુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા નરેન્દ્રસિંહ ઝાલાએ ફરિયાદ નોંધાવી છે કે ગોરવા વિસ્તારમાં સમગ્ર પાર્ટીની ટીમ રખડતા પશુઓ પકડવા નીકળી હતી તે સમયે ગોરવા પોલીસ સ્ટેશન વિસ્તારના દશામા મંદીર સામેના હદ વિસ્તારમાંથી એક પશુને પકડીને ડોર પાર્ટીના ડબ્બામાં પુરવામાં આવ્યું હતું. દરમિયાન પશુ માલિક ભરવાડ બીજલ ભાનુભાઈ (રહે-નવરંગપુરાના ઝુપડામા સાવિત્રી નગર સામે સમતા સુભાનપુરા પોલીસ સ્ટેશન પાછળ ગોરવા) તેમના ગાય જાહેર માર્ગ ઉપર રખડતા છુટા મુકવાની ઈરાદાપુર્વકની ગુનાહિત પ્રવૃતિને કારણે રોડ પરથી અવરજવર કરતા વાહન તથા રાહદારીઓને આ રખડતા ઢોરોને કારણે ગંભીર શારીરીક ઈજા થવાના કે જે ઈજાઓ કોઈ ત્રાહીત વ્યકિતનુ મૃત્યુ પણ નિપજાવી શકે પરિસ્થિતિનું નિર્માણ થતું હતું. જેને પરીણામે નાગરીકોમાં ભયજનક વાતાવરણ ઉભું થાય છે રખડતા પશુઓ પકડવાની કામગીરી વિવિધ કાયદાની જોગવાઈ અનુસાર જાહેર સલામતીને ધ્યાને રાખી ફરજના ભાગરૂપે કરવામાં આવે છે. તેમા પશુઓના માલીકો દ્વારા ઈરાદાપુર્વક ગુનાહીત માનસિકતાથી જાહેર સેવકને તેની ફરજ બજાવવામાં અવરોધ કરે છે. જે અંતર્ગત તેઓની વિરુધ્ધ કામગીરીમા અવરોધ કરવા તથા ત્રાહીત વ્યકિતના જીવનું જોખમ ઉભું થતુ હોય તેમના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.






## તંત્રી લેખ...

# પરિણામ જરૂરી

દેશના લોકો છેલ્લા ઘણા વર્ષોથી મોંઘવારી અને બેરોજગારીના મોરચા પર નક્કર પરિણામોની રાહ જોઈ રહ્યા છે પરંતુ પરિણામ ઈચ્છિત મળી રહ્યા નથી. રોજગારી અને મોંઘવારીના પ્રશ્ને કોંગ્રેસે હલ્લાબોલ જારી રાખ્યો હોવા છતાં સરકાર પર તેની અસર થઈ રહી નથી. લોકો ઘણા સમયથી નક્કર પરિણામોની રાહ જોઈ રહ્યા છે પરંતુ અપેક્ષા મુજબના પરિણામ નોકરી અને મોંઘવારીના સંબંધમાં મળી રહ્યા નથી. આવી સ્થિતીમાં સામાન્ય લોકો પણ હવે વધારે રાહ જોવા માટે તૈયાર નથી. કોરોના વાયરસના દોરમાં રોજગારી લોકોની જઈ રહી છે. લોકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. આવી સ્થિતીમાં રોજગારીના મોરચા પર સાવધાની જરૂરી બની છે. પગલાની પણ જરૂર દેખાઈ રહી છે. લોકોની રોજગારી બચે અને વધુ રોજગારી સર્જાય તેવા કોઈ પગલા જાહેર થઈ રહ્યા નથી. લોકો નારાજ પણ દેખાઈ રહ્યા છે. આના કેટલાક સંકેત પણ મળી ચુક્યા છે. નવી નવી યોજનાઓ જાહેર કરવાની બાબત એટલી મહત્વપૂર્ણ નથી જેટલી મહત્વપૂર્ણ બાબત જે યોજના છે તેના અમલીકરણની છે. લોકોને લોકલક્ષી યોજનાના લાભ ઝડપથી અને સારી રીતે મળે તે જરૂરી છે અને દેશના લોકો આ જ ઈચ્છે પણ છે. આવી સ્થિતીમાં મોદી સરકાર લોકોને સંતુષ્ટ કરવા નવાવર્ષમાં આના પર જ ધ્યાન આપે તે જરૂરી છે. રોજગારીને વધારી દેવા અને મોંઘવારી પર બ્રેક મુકવા સહિતના કેટલાક પગલા ઝડપી લઈને લોકોને રાહત આપવાની તાકીદની જરૂર દેખાઈ રહી છે. જો આ પગલા નહી લેવાય તે મોદી પ્રત્યે લોકોનો વિશ્વાસ હવે ઘટી શકે છે. થોડાક સમય પહેલા રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ મિશનની શરૂઆત કરી દેવામાં આવી હતી. સાથે સાથે ફરી એકવાર કરોડો લોકોને નોજરી મળશે તેવુ સ્વપ્ર પણ બતાવી દેવામાં આવ્યુ હતુ. દરેક ગરીબને સેનિક તરીકે ગણાવીને વડાપ્રધાન મોદીએ દસ વર્ષની પ્રગતિની યોજના તૈયાર કરવાની વાત પણ કરી હતી. યુવાનોને રોજગારી કઈ સરકાર આપવા માંગતી નથી. તમામ ઈચ્છે કે દરેક હાથને કામ મળે પરંતુ માત્ર ભાષણથી આ બાબત શક્ય બનશે નહી. મોદી સરકાર સત્તામાં હવે પુરતો ગાળો થઈ ગયો છે પરંતુ પરંતુ હજુ સુધી કોઈ નક્કર પરિણામ મળ્યા નથી. લોકસભા ચૂંટણી પહેલા પણ મોદીએ યુવાનોને રોજગારી આપવાના મોટા મોટા વચન આપ્યા હતા. હવે મોદીને આ બાબત લોકોને બતાવી દેવાની જરૂર છે કે હજુ સુધી તેમના સરકારના ગાળા દરમિયાન કેટલા લોકોને રોજગારી મળી છે. સાથે સાથે આવનાર સમયમાં ક્યારે કેટલા લોકોને કઈ રીતે નોકરી આપવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. દેશના લોકો હવે જાણવા માંગે છે. કારણ કે આશા જાગી છે. લોકોને મોદી પાસે ઘણી આશા છે. તમામ લોકોને હવે પરિણામનો ઈન્તજાર છે. નહેરુથી લઈને મોદી સુધી દરેક વડાપ્રધાને મોટા મોટા વચન યુવાનો અને દેશના લોકોને આપ્યા છે. યુવાનોને રોજગારી આપવાના પણ અને મોંઘવારીને જડમૂળતી નાબુદ કરવાના વચન પણ આપવામાં આવ્યા છે.

# ઓફિસમાં ટેકનોલોજી પણ ફિટ રાખશે

મોટા ભાગના લોકો હવે ડેસ્ક વર્ક કરવા લાગી ગયા છે. આવી સ્થિતીમાં વર્ક એરિયામાં ફિટ રહેવા માટેની ચિંતા તેમને સતાવવા લાગી ગઈ છે. પરંતુ આધુનિક સમયમાં સાવધાન અને જાગૃત રહેલા લોકો આને લઈને પણ વધારે પરેશાન નથી. કેટલાક ખાસ એપ્સ અને ડિવાઈસનો ઉપયોગ કરીને વર્ક સ્ટેશન પર પણ સંપૂર્ણપણે ફિટ રહી શકાય છે. ઓફિસમાં ટેકનોલોજીની મદદ લઈને ફિટ રહી શકાય છે. સ્ટ્રેચિંગ એવી સરળ અને તરત કરી શકાય તેવી એક પ્રકારની કસરત છે જે ડેસ્ક પર પણ કરી શકાય છે. સિમારિમના એક મિનિટ ડેસ્ક વર્ક આઉટ એપ આઈઓએસ ડિવાઈસ પર કામ કરે છે. તેમાં ૪૫થી વધારે કસરત રહેલી છે. જે ડેસ્ક પર એક્ટિવ રાખે છે. તે દર કલાકે વ્યાયામ માટે રિમાન્ડર પણ મોકલે છે. એન્ડ્રોઈડ યુઝર્સ આઈ મોબલાફ ઈન્કના સ્ટ્રેચ એક્સરસાઈઝ કામમાં લઈ શકો છો. નિષ્ણાંતો કહે છે કે જો કોઈ વ્યક્તિ પીઠમાં પિડાના કારણે પરેશાન છે તો ફોનની અલાર્મ ક્લોકથી દર કલાકમાં બ્રેક લેવા માટે રિમાન્ડર સેટ કરી શકો છો. આપ એન્ડ્રોઈડ માટે રિમાઈન્ડ અલાર્મ ક્લોક અને બ્રેક રિમાઈન્ડર કામમાં લઈ શકો છો. એટલુ નહીં આઈઓએસ માટે ફ્રી એલાર્મ એપનો ઉપયોગ પણ કરી શકાય છે. હવે મોટા ભાગના કામ માટે ડિસ્પ્લે કામમાં આવે છે. આના કારણે આંખો પર દબાણ વધે છે. બ્રાઈટનેસ લેવલને ઘટાડી દેવાના બદલે એપ ઉપયોગમાં લઈ શકાય છે. જે બ્લુ લાઈટ ફિલ્ટરના રૂપમાં કામ કરે છે. સ્ક્રીનમાંથી નિકળનાર બ્લુ લાઈટ આંખમાં થનાર ટેન્શન માટે કારણરૂપ છે. એન્ડ્રોઈડ યુઝર્સ લુલાટ ફિલ્ટર અથવા તો ટ્વીલાટ એપ કામમાં લઈ શકે છે. બંને એપ સ્ક્રીનના રંગને વ્યવસ્થિત કરે છે. એપ્પલ આઈઓએસમાં પહેલાથી જ લાઈટ ફિલ્ટર મોડ જેડી દેવામાં આવ્યા છે. તમે મોબાઈલ ફોનમાં ખાસ એપ ડાઉનલોન કરીને યોગ કરી શકો છો. બ્રેક લઈ શકો છો. રોગમુક્ત રહી શકો છો. યોગ કરવાના કેટલાક ફાયદા રહેલા છે. યોગના તમામ વ્યાયામ કરવા માટે આપને વધારે સ્પેસની જરૂર હોય છે. જો તમે ડેસ્ક પર યોગ કરવા માટે રસ ધરાવો છો તો ઓફિસ યોગા એટ યોર ડેસ્ક એપનો ઉપયોગ કરી શકો છો. આ આઈઓએસ માટે ૨.૯૯ અમેરિકી ડોલરમાં છે. તે થ્રીડી યોગ ઈન્સ્ટ્રકર વિડિયો દર્શાવે છે. એન્ડ્રાઈડ યુઝર્સ ફ્રી ડેલી યોગા એપ કામમાં લઈ શકે છે. આના કારણે ટેન્શનને દુર કરવામાં સફળતા મળે છે.



### ભારત-અમેરિકાના વૈજ્ઞાનિકો મળીને હવાને સ્વચ્છ કરવા લાગેલા છે

**અમેરિકા વાયુ પ્રદુષણને ઘટાડી દેવા માટે ભારતના પ્રયાસોમાં મદદરૂપ છે અમારી પાસે કેટલાક મદદરૂપ બને તેવા ટેકનોલોજી નિષ્ણાંત લોકો રહેલા છે સાથે સાથે ટોપના સાધન પણ છે**

# વાયુ પ્રદુષણ રોકવા અમેરિકા સાથે છે

**અમેરિકા ઉત્સર્જનને ઘટાડી શકે તેવા સાધનો, આધુનિક ઇલેક્ટ્રિક ટેકનોલોજી સાધનો દ્વારા ભારતની મદદમાં : હવાની ગુણવત્તા પર કામ**

વાયુ પ્રદુષણને લઈને પારસ્પરિક વધારે સારી સમજ ઉભી કરવા અને વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી દેવા માટે ભારત અને અમેરિકાના વૈજ્ઞાનિકો ખુબ નજીકના અંતરથી કામ કરી રહ્યા છે. જો કે અમેરિકાનુ સૌથી મોટી યોગદાન તેના દ્વારા ભુતકાળમાં કરવામાં આવેલા સંઘર્ષને લઈને હોઈ શકે છે. જો અમેરિકાના સંઘર્ષથી ભારત શિખી શકશે તો લાભ વહેલી તકે થશે. અમેરિકા વાયુ પ્રદુષણને ઘટાડી દેવા માટે ભારતના પ્રયાસોમાં મદદરૂપ છે. અમારી પાસે કેટલાક મદદરૂપ બને તેવા ટેકનોલોજી નિષ્ણાંત લોકો રહેલા છે. સાથે સાથે ટોપના સાધન પણ છે. જે વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી શકે છે. જેમાં કે સ્ક્રબર છે. જે તાપ વીઝળી સાધનો અને ઉપકરણોમાંથી નિકળનાર ઉત્સર્જનના પ્રમાણને ઘટાડી દે છે.



એવા સાધનો પણ ઉપયોગી રહે છે જે ડિઝલના વાહનોમાં રેટ્રોફિટ થઈ જાય છે. સાથે સાથે ઉત્સર્જન ઘટાડી નાંખે છે. આ ઉપરાંત પણ અતિ આધુનિક ઈલેકટ્રિક વાહન ટેકનોલોજી છે. અમારા વૈજ્ઞાનિકો અમેરિકાના વૈજ્ઞાનિકો સાથે મળીને કામ કરી રહ્યા છે. અમેરિકાના નિષ્ણાંતો પણ એક બાબત તો કબુલ કરે છે કે ભારતીય લોકો અને સરકાર યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. વાયુ પ્રદુષણને ઘટાડી દેવામાં આવનાર દિવસોમાં મદદ મળી શકે છે. ભારત વાયુ પ્રદુષણને રોકવા માટે સતત પ્રયાસરત છે. ભારત દ્વારા સ્થાનિક ડેટા પર ભાર મુકે છે. જેના આધાર પર નક્કર ઉકેલ શોધી કાઢવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અમેરિકા આ દિશામાં ભારતને સહાયતા કરવા માટે તૈયાર છે. અમેરિકા પણ માને છે કે પોતાના સમૃદ્ધ ભવિષ્ય માટે ભારત પણ સ્વસ્થ રહે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ કેટલા હદ સુધી ખતરનાક બને છે તેના પુરવા વારંવાર અભ્યાસ મારફતે મળતા રહે છે. જીનેવા સ્થિત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) એ પોતાના અહેવાલમાં કહ્યું છે કે દર વર્ષે વાયુ પ્રદુષણના કારણે વિશ્વભરમાં ૨ મિલિયન અથવા તો ૨૦ લાખ લોકોના મોત થઈ જાય છે. ડબલ્યુએચઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટામાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૫૧ દેશોના ૧૧૦૦ શહેરોમાંથી આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે. આ આંકડા મુજબ હવાઈ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આના કારણે હાર્ટ સાથે સંબંધિત રોગ, ફેંફસાના કેન્સર, અસ્થમા અને શ્વાસ લેવાની તકલીફ તેમજ અન્ય ઈન્ફેક્શન રોગોનો સમાવેશ થાય છે. ઘણા શહેરી વિસ્તારોમાં આ તમામ રોગ સામાન્ય બની ચૂક્યા છે. કેટલાક શહેરોમાં પ્રદૂષણની સપાટી ડબલ્યુએચઓની માર્ગદર્શિકાની સરખામણીમાં ૧૫ ઘણી વધારે છે. વિકાસશીલ અને વિકસીત બંને દેશોમાં હવાઈ પ્રદૂષણ માટે જે પરિબળો જવાબદાર છે તેમાં વાહન પરિવહન, નાના પાયાના ઉદ્યોગો અને અન્ય મોટા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. ઉપરાંત બાયોમાસ સળગાવવા અને કુકીંગ માટે કોલસાને લઈને પણ પ્રદુષણ ફેલાય છે. હવાઈ પ્રદુષણમાં અન્ય પરિબળો પણ યોગદાન આપે છે. વાયુ પ્રદુષણ રોકવામાં આવે તે જરૂરી છે.



### દરેક વયમાં જોબ શોધવાના તરીકા બદલાઇ જાય છે તે ચોક્કસ છે...

**આ તો કડવી વાસ્તવિકતા છે કે વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધારે મુશ્કેલ રૂપ બનતી જાય છે જોબ માર્કેટમાં કો પણ કંપની યુવાનોને પ્રથમ પ્રાથમિકતા આપે છે આના માટેના કેટલાક કારણો હોય છે**

# દરેક વયમાં સારી જોબ મળી શકે છે

**વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધુને વધુ મુશ્કેલ બનતી જાય છે : જોબ માર્કેટમાં યુવાનોને વધારે તક મળવાના ઘણા કારણ છે**

એવી ધારણા ખોટી છે કે મોટી વયમાં સારી જોબ મળી શકે નહી. કોઈ પણ વયમાં સારી નોકરી મળી શકે છે તેમાં કોઈ બે મેત નથી. જો કે આના માટે તરીકા જુદા જુદા હોય છે. દરેક વયમાં જોબ શોધી કાઢવાની પ્રક્રિયા અને તરીકા બદલાતા જાય છે. આને લઈને પણ અભ્યાસની કામગીરી વિતેલા વર્ષોમાં નિષ્ણાંતો દ્વારા હાથ ધરવામાં આવી ચુકી છે. જેમાં કેટલીક મહત્વપૂર્ણ બાબત સપાટી પર આવી છે. દરેક વયમાં જોબ શોધવાની પદ્ધિતી સુ રહેલી છે તેના પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક બાબતોને સારી રીતે સમજી શકાય છે. આ તો કડવી વાસ્તવિકતા છે કે વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધારે મુશ્કેલ રૂપ બનતી જાય છે. જોબ માર્કેટમાં કો પણ કંપની યુવાનોને પ્રથમ પ્રાથમિકતા આપે છે. આના માટેના કેટલાક કારણો હોય છે. ભારતમાં મોટા ભાગે હાયરિંગ મેનેજર અનુભવ કરતા વધારે યુવાનોને મહત્વ આપવામાં આવે છે. તેમને લાગે છે કે દેશમાં યુવાનો ખુબ મોટી સંખ્યામાં છે. જેથી ઓછા પૈસામાં વર્કફોર્સ જરૂરી પ્રમાણમાં મળી જાય છે. યુવાનો એનર્જીથી સજ્જ અને ભરેલા હોય છે. આયુવાનો લાંબા સમય સુધી કામ કરી શકે છે. હાયરિંગ મેનેજર વિચારે છે કે સતત ટેકનોલોજી બદલાઈ રહી છે અને આવી સ્થિતીમાં યુવાનો નવી ટેકનોલોજીને વધારે ઝડપથી સારી રીતે શિખી શકે છે. બિઝનેસ માહોલમાં અનુભવની કોઈ વેલ્યુ હવે રહી નથી. જુદી જુદી વયમાં જોબ સર્ચ કરતી વેળા જુદી જુદી રણનિતી અપનાવવામાં આવે છે. ૩૦ વર્ષની વયમાં જોબ સર્ચ પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક વિગત ઉભરીને સપાટી પર આવી છે. કેટલીક સ્કીલ હાંસલ કરવામાં આવે છે. રેજ્યુમ પણ શાનદાર રાખવામાં આવે છે. કઈ રીતે પોતાના કેરિયરને દિશા આપી શકાય છે તે બાબત ઉપયોગી હોય છે. આ વયમાં પુરતા પ્રમાણમાં જોખમ લઈ શકાય છે. સાથે સાથે મનની વાત સાંભળી શકવાની સ્થિતી હોય છે. ખરાબ દિવસો માટે કેટલાક મહિનાના પગારને રીઝર્વ રાખવામાં આવે તે જરૂરી છે. દરેક પ્રકારના ઈન્ટરવ્યુ અને ઈન્ટરેક્શનથી કેટલીક નવી બાબત શિખવા મળે તે જરૂરી છે. દરેક સપ્તાહમાં છથી આઠ કલાકનો સમય સર્ચ અને એન્જોય તેમજ લર્ન માટે નક્કી કરવામાં આવે તો ઉપયોગી સાબિત થાય છે. એવા અવસરની શોધ કરવી જોઈએ જેના કારણે પ્રગતિની તક વધારે રહે છે. કામ પર પ્રભાવ છોડી શકાય તેવી કેરિયરની હમેંશા પસંદગી કરવાની વિચારણા કરવી જોઈએ. વર્તમાન કંપનીમાં સ્વૈચ્છા સાથે લીડરશીપ રોલ કરવા માટે તૈયારી રાખવી જોઈએ. આ રીતે મોટા કામમાં પોતાની ભૂમિકા મોટી રહે તેવા કામ કરવા જોઈએ. પોતાના સહ કર્મચારીઓ, ક્લાઈન્ટો, જુના બોસ અને ઈન્ડસ્ટ્રીઝ પ્રોફેસરની સાથે સંબંધ કુબ સાનુકુળ રાખવા જોઈએ. ભવિષ્યની નોકરી માટે પ્રોફેશનલ નેટવર્ક રહે તેવી બાબત પર વધારે ધ્યાન આપવાની જરૂર છે. પોતાના વર્તમાન એમ્પ્લોયરને રોલ બદલી નાંખવા માટે પણ રજૂઆતો કરવી જોઈએ. ૪૦ વર્ષની વયમાં દરેક વ્યક્તિ માટે ટર્નિંગ પોઈન્ટ હોય છે. આ ગાળામાં મોટા ભાગના પ્રોફેશનલ સૌથી વધારે કામ કરી શકે તેવી સ્થિતીમાં હોય છે. જોબ સર્ચ દરમિયાન પોતાની સામે સૌથી મોટા પડકારો, નવા એમ્પ્લોયરની સામે પોતાને કુશળ સાબિત કરવાની આ સુવર્ણ તક હોય છે. તમે જે પ્રભાવ છોડવા માટે ઈચ્છુર છો જે પરંપરાનુ નિર્માણ કરવા માટે ઈચ્છુક છો તે તમામ બાબતને ધ્યાનમાં લઈ શકાય છે. આપના માટે યોગ્ય લાગે તે પ્રકારની બાબત પર ધ્યાન આપવાની જરૂર હોય છે. તમે જે પ્રકારની સંતુષ્ટિ અને વાતાવરણ ઈચ્છો છો તે પ્રકારની જોબ શોધી કાઢવા માટેના પ્રયાસ કરવા જોઈએ. ટેન્શન લેવા માટેની કોઈ જરૂર નથી. પાંચ વર્ષની વયમાં જુદા જુદા પ્રકારના અનુભવ લેવાના પ્રયાસ કરવા જોઈએ. શિખવા માટેના અવસર પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે જરૂરી છે. શરૂઆત કરતા પહેલા તમામ પ્રકારની સ્કીલ ્ગે માહિતી મેળવી લેવી જોઈએ. ફોર્મલ ડ્રેસ પહેરીને ઈન્ટરવ્યુના અભ્યાસ કરવામાં આવે તે બાબત પણ ઉપયોગી હોય છે. આધુનિક સમયમાં કેટલીક બાબતોને ખાસ રીતે ધ્યાનમાં રાખીને કેરિયરમાં કોઈ પણ તબક્કામાં સારી નોકરી મેળવી શકાય છે. કેરિયરમાં હજુ સુધીની પ્રગતિની નોંધ પણ તૈયાર રાખવાની જરૂર હોય છે. એવા પ્રકારના બાયો ડેટા તૈયાર કરવા જોઈએજે તમારી કુશળતાને સારી રીતે રજ કરી શકે છે. જો તમે કંપનીને આ બાબત દર્શાવવામાં સફળ થઈ રહ્યા છો કે તમારી પાસે કામનો અનુભવ વધારે પ્રમાણમાં છે તો સારી તક મળી શકે છે. ઉંચા પગાર પણ મળી શકે છે. આધુનિક સમયમાં મિડિયામાં દરેક પ્રકારની બાબત સારી રીતે રજૂ કરવામાં આવે છે જેથી આના કારણે લાભ લઈ શકાય છે.





### માત્ર હાયર એજ્યુકેશનના કારણે જ હવે જોબ મળનાર નથી...

# એજ્યુકેશનની સાથે સાથે અનુભવ અને સ્કીલ્સ પણ જરૂરી બની ગઇ છે : કંપનીઓ પાસે સૌથી સક્ષમ ઉમેદવારની પસંદગીના ઘણા વિકલ્પો

હાલના સમયમાં દરેક વિદ્યાર્થી ઉંચીથી ઉંચી ડિગ્રી હાંસલ કરવાના પ્રયાસમાં છે. બીજી બાજુ બજારમાં સંકેત સારા દેખાઈ રહ્યા નથી. ટાઈટ લેબર માર્કેટના લીધે જ શિક્ષણના મહત્વને સમજી શકાય છે. આજ કારણ છે કે હવે કોલેજ પણ મોંધી બની ગઈ છે. કેટલાક વર્કરો માટે તો આ તમામ બાબતો ખુબ ખર્ચાળ તરીકે છે. આમાં સમય પણ ખુબ વધારે લાગે છે. વર્તમાન સમયમાં બજારમાં રોજગારીની અછત દેખાઈ રહી છે. પુરતા પ્રમાણમાં રોજગારી કુશળ લોકોને પણ મળી રહી નથી. આવી સ્થિતીમાં મોટા ફેરફાર જોવામાં આવી રહ્યા છે. જે જોબમાં ઓછી યોગ્યતાવાળા લોકોને રાખવામાં આવે છે ત્યાં હવે વધારે યોગ્યતાવાળા વિદ્યાર્થીઓને રાખવામાં આવી રહ્યા છે. બેરોજગારી વધી રહી છે જેથી કુશળ લોકો પણ ઓછા મહત્વવાળા જોબમાં નોકરી કરી રહ્યા છે. ભરતીની પ્રક્રિયામાં અથવા તો હાયરિંગ પ્રોસેસમાં હવે વધારે અનુભવવાળા અને ઉચ્ચ શિક્ષણવાળા વિદ્યાર્થીઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આવી સ્થિતીમાં હવે વધતી જતી સ્પર્ધાના યુગમાં એજ્યુકેશનની સાથે સાથે સ્કિલ હાંસલ કરવાની જરૂર દેખાઈ રહી છે. જ્યારે બેરોજગારીનો દર વધારે હોય છે ત્યારે લોકો ઉચ્ચ શિક્ષણ હાંસલ કરીને વધારે કમાણી કરવાના પ્રયાસ કરે છે. બેરોજગારીનો દર અલગ અલગ વિચારધારાને જન્મ આપે છે. વિદ્યાર્થીઓ આધુનિક સમયમાં વધારે ખર્ચ કરીને પણ ઉંચી ડિગ્રી હાંસલ કરવાના પ્રયાસ કરી રહ્યા છે. એવુ નથી કે હવે જોબ માટે કોઈ ખાસ અનુભવ અને શિક્ષણની જરૂર છે. પરંતુ કંપની પાસે હવે વિકલ્પ વધી ગયા છે. આવી સ્થિતીમાં તે સૌથી કુશળ અને હોશિયાર ઉમેદવારની જ પસંદગી કરે છે. પરેશાની એ છે કે તેમાં પ્રોડક્વિટી પર ખાસ અસર પડી રહી નથી. ભારતમાં બેરોજગારીનો દર વધી રહ્યો છે. આવી સ્થિતીમાં વધારે એજ્યુકેશન હાંસલ કરીને આગળ વધનારને જ રોજગારી મળનાર છે તે બાબત તો નક્કી છે. એજ્યુકેશનની સાથે સાથે અનુભવને પણ જોવામાં આવે છે. આ ઉપરાંત જે ઉમેદવાર સૌથી ઓછા પૈસામાં કામ કરવા માટે તૈયાર છે તેને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. દરેક વ્યક્તિ એજ્યુકેશન પર વધારે ખર્ચ કરે છે. જો કે હવે શિક્ષણ માત્ર એક ડિગ્રી બનીને રહી ગઈ છે. કારણ કે જોબ માર્કેટમાં ટ્રેન્ડ બદલાઈ રહ્યા છે. કેટલીક વખત તો કુશળ વ્યક્તિને પણ જોબ મળી રહ્યા નથી. આવી સ્થિતીમાં શિક્ષણ પર ઓછા ખર્ચ સાથે ઉપયોગી સ્કીલ પર પૈસા ખર્ચ કરી રહ્યા છીએ તો અમને ફાયદો થઈ શકે છે. એમ કહેવામાં આવી રહ્યુ છે કે ટેકનોલોજી, ગ્લોબલાઈજેશન અને એજ્યુકેશનના કારણે કોઈ પણ દેશમાં આર્થિક અસમાનતા જોવા મળી રહી છે. જો તમારી પાસે વધારે શિક્ષણ છે તો તેનુ કોઈ મહત્વ એ વખત સુધી નથી જ્યાં સુધી તેને યોગ્ય રીતે ઉપયોગમાં લેવામાં ન આવે. મહત્વપૂર્ણ બાબત એ છે કે તમે કેટલા ઓછા પૈસામાં કામ કરવા માટે તૈયાર થઈ રહ્યા છો. હવે દરેક વ્યક્તિ શિક્ષિત છે. શિક્ષણ અને અસમાનતાના લિન્કની વાત જુની બની ચુકી છે. આધુનિક અર્થવ્યવસ્થાને ગતિ આપવા માટે કોઈ યુવાને કેટલી શિક્ષણા હાંસલ કરવી જોઈએ તે બાબત ઉપયોગી બની ગઈ છે. તેના પર વિસ્તૃત ચિંતન કરવામાં આવે તે જરૂરી છે. હવે સમય આવી ગયો છે જ્યારે અમને શિક્ષણ હાંસલ કરવાના તરીકામાં ફેરફાર કરવા પડશે.



Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS


Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




## અમરનાથ યાત્રા સુરક્ષાથી લઈને ટ્રાફિક સુધી દરેક પાસાંનું નિરીક્ષણ હેઠળ

। શ્રીનગર, તા.૧૩ ।

જમ્મુ અને કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક નલિન પોલીસ કંટ્રોલ રૂમ ખાતે અમરનાથ યાત્રા-૨૦૨૫ ની સુરક્ષા અને વ્યવસ્થાઓ અંગે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. કેન્દ્રીય અને રાજ્ય સુરક્ષા એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓએ તેમાં ભાગ લીધો હતો. આ બેઠકમાં સ્પેશિયલ ડીજીપી એસજેએમ ગિલાની, એડીજીપી સીઆરપીએફ રાજેશ કુમાર, એડીજીપી જમ્મુ એમકે સિંહા, આઈજીપી કાશ્મીર, આઈજીપી ટ્રાફિક, આઈજીપી બીએફએફ, આઈજી આઈટીબીપી, એસએસબી, એસડીઆરએફ અને શ્રીનગર, અનંતનાગ અને ગાંદરબલના એસએસપી હાજર રહ્યા હતા. કેટલાક અધિકારીઓ વર્ચ્યુઅલી બેઠકમાં જોડાયા હતા. બેઠકની શરૂઆતમાં, ઝોનલ આઈજીપીએ સીએપીએફની તૈનાતી અને તેમની જરૂરિયાતો વિશે માહિતી આપી હતી. કેન્દ્રીય દળોના અધિકારીઓએ હાલની વ્યવસ્થાઓ પર સંતોષ વ્યક્ત કર્યો હતો અને સુરક્ષા વ્યવસ્થાપનમાં સહયોગની ખાતરી આપી હતી. ડીજીપીએ જિલ્લા સ્તરે આવતી કંપનીઓ માટે યોગ્ય રહેઠાણ, લોજિસ્ટિક્સ અને વ્યૂહાત્મક તૈનાતી સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો.તેમણે સ્પષ્ટપ ણે કહ્યું હતું કે તમામ સુરક્ષા એજન્સીઓ વચ્ચે સરળ સંકલન જરૂરી છે. આ માટે, આંતર-એજન્સી સંકલન પ્રણાલીને વધુ મજબૂત બનાવવી જોઈએ. બેઠકનો ઉદ્દેશ્ય મુસાફરી માર્ગોની સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થાપન, કટોકટીનો સામનો કરવા માટેની તૈયારી અને યાત્રાળુઓની સુવિધા સુનિશ્ચિત કરવાનો હતો.

### છેલ્લા ૧૧ વર્ષમાં સરકારે રાષ્ટ્રીય સુરક્ષા વર્તુળને કડક બનાવ્યું : રાજનાથ સિંહ

# આતંકવાદ માનવતાનો સૌથી મોટો અભિશાપ છે, ક્રાંતિ તેના ગર્ભમાંથી જન્મતી નથી ; સંરક્ષણ મંત્રી

**સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે પહેલગામ હુમલો ફક્ત આપણા લોકો પર નહીં પરંતુ દેશની સામાજિક એકતા પર હુમલો હતો, દેશે તેની સામે મોટી અને કડક કાર્યવાહી કરી અને પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ અને સંબંધિત માળખાકીય સુવિધાઓનો નાશ કર્યો**

। દહેરાદુન, તા.૧૩ ।

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે દેહરાદૂન ખાતે એક કાર્યક્રમમાં કહ્યું હતું કે છેલ્લા ૧૧ વર્ષમાં સરકારે રાષ્ટ્રીય સુરક્ષા વર્તુળને કડક બનાવ્યું છે. આંતરિક સુરક્ષા હોય કે બાહ્ય દુશ્મનોથી સુરક્ષા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારે સુરક્ષા વર્તુળને મજબૂત બનાવ્યું છે. રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા દરેક મુદ્દા પર સરકારનો અભિગમ અને કાર્યવાહી અમે બદલી નાખી છે. ઓપરેશન સિંદૂર દરમિયાન દુનિયાએ આ પરિવર્તન જોયું છે. પહેલગામ આતંકવાદી હુમલામાં આતંકવાદીઓએ જે રીતે લોકોને તેમનો ધર્મ પૂછીને નિશાન બનાવ્યા હતા તે આખા દેશને હચમચાવી નાખે છે.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે પહેલગામ હુમલો ફક્ત આપણા લોકો પર નહીં પરંતુ દેશની સામાજિક એકતા પર હુમલો હતો. દેશે તેની સામે



મોટી અને કડક કાર્યવાહી કરી અને પ ાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ અને સંબંધિત માળખાકીય સુવિધાઓનો નાશ કર્યો. આ ભારતીય ઈતિહાસમાં આતંકવાદ સામે લેવાયેલી સૌથી મોટી કાર્યવાહી છે.

તેમણે કહ્યું કે ભારતીય સેનાએ આતંકવાદીઓને યોગ્ય જવાબ આપ્યો છે પરંતુ ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવા માટે ભારતની રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંબંધિત ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દો છે.

હવે આ આતંકવાદ સામે માત્ર સરકારોના સ્તરે જ નહીં પણ જનતાના સ્તરે પણ સતર્ક રહેવાનો સમય છે. આતંકવાદ એ માનવતાનો સૌથી મોટો અભિશાપ છે. તે માનવ સભ્યતાના સૌથી મહત્વપૂર્ણ મૂલ્યોનો દુશ્મન છે.

રાજનાથ સિંહે કહ્યું કે આતંકવાદ આપણા શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ અને લોકશાહી માટે એક મોટો ખતરો છે. કોઈપણ સભ્ય દેશ તેને સહન કરી શકતો નથી. આતંકવાદ માનવતા પરનો કલંક છે અને વિકાસમાં અવરોધ છે. આતંકવાદ સામેની લડાઈ ફક્ત સુરક્ષાનો પ્રશ્ન નથી, તે માનવતાના મૂલ્યોના રક્ષણ માટેની લડાઈ છે. તે તે બર્બર વિચારસરણી સામેની લડાઈ છે, જે તમામ માનવ મૂલ્યોની વિરુદ્ધ છે.

રક્ષા મંત્રીએ કહ્યું, જોકે, માનવતાએ જે પણ ભયંકર રોગચાળોનો સામનો કર્યો છે તે વહેલા કે મોડા સમાપ્ત થઈ ગયો. આતંકવાદ પણ એક રોગચાળો છે. આ તેનું ભાગ્ય પણ છે પરંતુ તેને પોતાના મૃત્યુ માટે છોડી શકાય નહીં. જ્યાં સુધી આતંકવાદ અસ્તિત્વમાં છે, ત્યાં સુધી તે આપણી સામૂહિક શાંતિ, વિકાસ અને સમૃદ્ધિને પડકારતો રહેશે.

## રાજાની હત્યા પછી, બંને મહિલાની હત્યા કરવાની યોજના બનાવી રહ્યા હતા

। ઇન્દોર,તા.૧૩ ।

ઈન્દોરના ઉદ્યોગપતિ રાજા રઘુવંશીની હત્યાનો કેસ જટિલ બની રહ્યો છે. આ એક એવો કેસ છે જેમાં હત્યાના આરોપીઓ પોલીસ કસ્ટડીમાં છે, છતાં હત્યાનું રહસ્ય હજુ પણ વણઉકેલાયું છે. આ કેસમાં સતત ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. હવે રાજાની પત્ની સોનમ અને તેના બોયફ્રેન્ડ વિશે એક નવું રહસ્ય ખુલ્યું છે. મેઘાલય પોલીસના જણાવ્યા અનુસાર, રાજાની હત્યા પછી, બંને એક એવી મહિલાની હત્યા કરવાની યોજના બનાવી રહ્યા હતા જેના વિશે પોલીસ ગેરમાર્ગે દોરી શકે. એટલે કે, તેઓ કોઈપણ મહિલાને મારી નાખશે અને તેને બાળી નાખશે, જેથી પોલીસને લાગે કે તે સોનમની લાશ છે.મેઘાલય પોલીસને એ પણ ખબર પડી કે સોનમનો બોયફ્રેન્ડ રાજ કુશવાહા હત્યાના કાવતરાનો માસ્ટરમાઈન્ડ હતો. અને સોનમ સહ-કાવતરાખોર હતી. સોનમની પૂછપરછના પહેલા દિવસે, તેના બોયફ્રેન્ડ રાજ અને અન્ય ત્રણ લોકોએ પણ ખુલાસો કર્યો કે તે (સોનમ) મેઘાલયથી બુરખો પહેરીને ભાગી ગઈ હતી. તે ટેક્સી, બસ અને ટ્રેન જેવા વિવિધ પરિવહન માધ્યમોનો ઉપયોગ કરીને મધ્યપ્રદેશના ઈન્દોર પહોંચી હતી.પોલીસ અધિક્ષકે કહ્યું- રાજ અને સોનમે લગ્ન પ છી તરત જ ૧૧ મેના રોજ મેઘાલયમાં રાજાની હત્યાનું કાવતરું ઘડ્યું હતું.

## સોનમ સાથેના સંબંધનો અંત લાવ્યા પછી ગોવિંદે સાળા માટે પિંડદાન કર્યું

। ઇન્દોર, તા.૧૩ ।

ઈન્દોરના બહુચર્ચિત રાજા રઘુવંશી હત્યા કેસમાં આરોપીઓની ધરપકડ બાદ, શિલોંગ પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે. બીજી તરફ, રાજા રઘુવંશીનો પરિવાર તેમના પુત્રની મુક્તિ માટે પ્રાર્થના કરવા માટે ધાર્મિક નગરી ઉજ્જૈન પહોંચ્યો. અહીં, તેમણે સિદ્ધવત ખાતે નારાયણ બાલીની પૂજા કરીને પિંડ બનાવ્યા અને પછી તેમને મા શિપ્રામાં વિસર્જન કર્યું.ક્ષેત્ર પાંડા સમિતિના પ્રમુખ પંડિત રાજેશ ત્રિવેદી આમ વાલા પાંડાએ જણાવ્યું હતું કે રાજા રઘુવંશીના ભાઈ વિપિન રઘુવંશી અને તેમના ભત્રીજા વિધાન સિદ્ધનાથ આવ્યા હતા અને રાજા રઘુવંશીના મુક્તિ માટે પ્રાર્થના કરી હતી. તેઓએ પહેલા દિવસથી દસમા દિવસ સુધી પૂજા અને પૂજા કરી હતી. પંડિત રાજેશ ત્રિવેદીએ કહ્યું હતું કે રાજાને મુક્તિ મેળવવા માટે આ વિધિ જરૂરી છે. એટલા માટે પરિવારના સભ્યો ઉજ્જૈન આવ્યા હતા, જેમણે પિંડદાન સાથે તર્પણ કર્યું હતું અને સિદ્ધનાથના દર્શન કર્યા પ છી દાન પણ કર્યું હતું.

ઈન્દોરના બહુચર્ચિત રાજા અને સોનમ કેસમાં, સોનમ પર ચાર અન્ય લોકો સાથે રાજાની હત્યા કરવાનો આરોપ છે. પોલીસે આ સમગ્ર કેસ ઉકેલી નાખ્યો છે, પરંતુ આ બધા છતાં, આજે સિદ્ધવતમાં પૂજા દરમિયાન સોનમનો ભાઈ ગોવિંદ રાજાના પરિવાર સાથે હાજર હતો.

### છેલ્લા કેટલાક દિવસોથી ઈઝરાયલ અને ઈરાન વચ્ચે પરિસ્થિતિ તણાવપૂર્ણ

# ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધી રહેલો તણાવ કાશ્મીરમાં હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું

**ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો. હુમલા બાદ ઈરાનના ઘણા વિસ્તારોમાં સાયરન વાગ્યું અને સુરક્ષા વધારી દેવામાં આવી. ઈઝરાયલમાં તાત્કાલિક કટોકટી જાહેર કરવામાં આવી**

। શ્રીનગર, તા.૧૩ ।

છેલ્લા કેટલાક દિવસોથી ઈઝરાયલ અને ઈરાન વચ્ચે પરિસ્થિતિ તણાવપૂર્ણ છે. દરમિયાન, શુક્રવારે સવારે ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો. હુમલા બાદ ઈરાનના ઘણા વિસ્તારોમાં સાયરન વાગ્યું અને સુરક્ષા વધારી દેવામાં આવી. બીજી તરફ, ઈઝરાયલમાં તાત્કાલિક કટોકટી જાહેર કરવામાં આવી. બંને દેશોએ પોતપોતાના હવાઈ ક્ષેત્રો બંધ કરી દીધા. ઈરાન અને ઈઝરાયલના હુમલાને કારણે જમ્મુ અને કાશ્મીરના કેટલાક વિસ્તારોમાં હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. કાશ્મીરના શિયા વસ્તીવાળા વિસ્તારોમાં આ હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.ઈરાન અને ઈઝરાયલ યુદ્ધ વચ્ચે, જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. સરકારે કાશ્મીરના તે વિસ્તારોમાં હાઈ એલર્ટ જારી કર્યું છે જ્યાં શિયા સમુદાયની વસ્તી વધુ છે. સુરક્ષા



